# કાળચક્ર

પ્રીતિ શાહ
(M.A. M.Phil,jainism)


જૈન પરંપરા અનુસાર કાળચક્ર ઉત્સર્પિણી અને અવસર્પિણીનાં રૂપમાં નિરંતર પરિવર્તન પામે છે. આ કાળચક્ર માત્ર ભરત ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રમાં જ લાગુ પડે છે. અવસર્પિણી કાળમાં મનુષ્ય અને તિર્યંચનાં આયુષ્ય, શરીરની ઉંચાઈ, બળ વગેરે ઘટતું રહે છે. જયારે ઉત્સર્પિણી કાળમાં આયુષ્ય, પ્રમાણ, ઉંચાઈ વગેરે વધતાં જાય છે.

ઉત્સર્પિણી અને અવસર્પિણી દરેક કાળ છ-છ પ્રકાર (આરા)નાં હોય છે.

- અવસર્પિણી કાળનાં આરા– ૧) સુષમ સુષમ ૨) સુષમ 3) સુષમ દુ:ષમ ૪) દુ:ષમ સુષમ ૫) દુ:ષમ ૬) દુ:ષમ દુ:ષમ.
- ઉત્સર્પિણી કાળનાં આરા– ૧) દુ:ષમ દુ:ષમ ૨) દુ:ષમ 3) દુ:ષમ સુષમ ૪) સુષમ દુ:ષમ ૫) સુષમ ૬) સુષમ સુષમ.

આ પ્રમાણે ઉત્સર્પિણી કાળમાં પહેલો આરો અવસર્પિણીનાં છઠ્ઠાથી પ્રારંભ થાય છે અને અંતમાં સુષમ સુષમ સુધીમાં સુખ સુખનાં અનુભવ રૂપ બની રહે છે.

## બંને કાળનું  સમય પ્રમાણ દસ-દસ ક્રોડાક્રોડી સાગરોપમ છે. બંને કાળ પુરા થતા એક કલ્પકાળ બને છે, જેનું માપ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ છે.



# અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળમાં સમયનું માપ :

| અવસર્પિણી કાળ | | ઉત્સર્પિણી કાળ | |
|---|---|---|---|
| આરાનું નામ | સમય | આરાનું નામ | સમય |
| ૧) સુષમ સુષમ | ૪ ક્રોડાક્રોડી સાગરોપમ | ૧) દુ:ષમ દુ:ષમ | ૨૧000 વર્ષ |
| ૨) સુષમ | 3 ક્રોડાક્રોડી સાગરોપમ | ૨) દુ:ષમ | ૨૧000 વર્ષ |
| 3) સુષમ દુ:ષમ | ૨ ક્રોડાક્રોડી સાગરોપમ | 3) દુ:ષમ સુષમ | ૧ ક્રો.ક્રો.સા.માં ૪૨000 ન્યૂન |
| ૪) દુ:ષમ સુષમ | ૧ ક્રો.ક્રો.સા.માં ૪૨000 ન્યૂન | ૪) સુષમ દુ:ષમ | ૨ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫) દુ:ષમ | ૨૧000 વર્ષ | ૫) સુષમ | 3 ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૬) દુ:ષમ દુ:ષમ | ૨૧000 વર્ષ | ૬) સુષમ સુષમ | ૪ ક્રોડાક્રોડી સાગરોપમ |

# અવસર્પિણી કાળ

અવસર્પિણી કાળનો પ્રથમ ત્રણ કાળ ભોગભૂમિનો કાળ છે. જેમાં યુગલિક કાળ હોય છે. લોકો બહુ ધર્મ કરતાં નથી, તેઓમાં રાગ-દ્વેષ હોતા નથી. યુગલિક તેમના છેલ્લા સમયે એક યુગલને જન્મ આપે છે.તેઓના  શરીર વિઘટિત થઈને  દેવ ગતિને પ્રાપ્ત કરે છે. ચોથા આરાથી મનુષ્યો વક્ર સ્વભાવનાં થાય છે.

- **પ્રથમ ત્રણ આરામાં કલ્પવૃક્ષોનાં નામ :**

| | | |
|---|---|---|
| ૧ | માતંગ | જેનાં પર્ણ, ફળ, ફૂલ સ્વાસ્થ્ય અને આનંદ ફેલાવે છે. |
| ૨ | ભુતંગ | જેનાં પર્ણ, ફળ, ફૂલ સૌન્દર્ય આપનાર છે. |
| ૩ | તુર્યંગ | જેનાં પર્ણો મધુર સંગીત આપે છે. |
| ૪ | દીપશિખા | જે પર્ણ, ફળ, ફૂલ પોતાનાં તેજથી અંધકાર દુર કરે છે. |
| ૫ | જ્યોતિરંગા | જે સુર્ય, અગ્નિ અને વીજળી જેમ પ્રકાશે છે. |
| ૬ | ચિત્રાંગા | જેનાં પર્ણ, ફૂલ આદિ મોહક હાર અને ગજરા આપે છે. |
| ૭ | ચિત્રરસ | જેનાં પર્ણ, ફળ, ફૂલ સ્વાદિષ્ટ અને સુગંધિત ભોજન આપે છે. |
| ૮ | મણિન્ગા | જેનાં પર્ણ, ફળ, ફૂલ રત્નો અને કિમતી પદાર્થો આપે છે. |
| ૯ | ગેહકર | જેનાં પર્ણો સુંદર આવાસની વ્યવસ્થા કરાવે છે. |
| ૧૦ | અનંગા | જેનાં પર્ણો સુંદર વસ્ત્રો આપે છે. |

- ત્રીજા આરાનાં અંતમાં કલ્પવૃક્ષોનો હ્રાસ(નાશ) થાય છે અને ભોગભૂમિનો અંત આવવા લાગે છે. ત્રીજા આરાના અંતિમ ભાગમાં ૧૪ કુલકર થાય છે. પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે. અને એક ચક્રવર્તીનો જન્મ થાય છે.
- તે રીતે આ કાળમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવનો જન્મ થયો. સંસારપ્રથા એમનાથી શરુ થઇ. તે સમયે કલ્પવૃક્ષો ફળ નહી આપતા હોવાથી ‘અસિ, મસિ અને કૃષિનું જ્ઞાન તેમણે આપ્યું. ત્યારબાદ પ્રથમ ચક્રવર્તી તરીકે ભરતનો જન્મ થાય છે. પછી ચોથા આરાનો પ્રારંભ થાય છે.
- ચોથો, પાંચમો અને છઠ્ઠો આરો કર્મભૂમિ કહેવાય છે.
- પ્રત્યેક ચોથા આરામાં ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવ થાય છે.
- પાંચમા આરામાં તેઓ જ મુક્તિપદને પામે છે, જેનો ચોથા આરામાં થયો હોય છે. ઈંદ્રભૂતિ ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, જંબુસ્વામી આ ત્રણ અનુબદ્ધ કેવળી મોક્ષે ગયા.
- પાંચમાં આરામાં રાજકીય સામાજિક કટોકટી, ધર્મના નામે મિથ્યાત્વ,પ્રલય, અરાજકતા, રોગ, શોક, આધી, વ્યાધી, ઉપાધી  વધતું જાય

- આમ તો આ આરો સમાપ્ત થવાને લગભગ ૧૭૦૦૦ વર્ષ બાકી છે, તો પણ અત્યારે જોઈ જ રહ્યા છીએ કે સમય કેવો ખરાબ જઈ રહ્યો છે.
- પંચમ કાળની સમાપ્તિ પૂર્વે ચાર મહાન આત્માઓ – ૧) દુપસ્સહ આચાર્ય ૨) ફાલ્ગુ સાધ્વી ૩) નાગિલ શ્રાવક અને ૪) સત્યશ્રી શ્રાવિકા અનશન / સંથારો ગ્રહણ કરી દેવલોકે પધારશે, ત્યારબાદ શ્રુતનો, જૈન ધર્મનો વિચ્છેદ થશે.
- તે દિવસે સવાર ચારિત્રનો, બપોરે રાજધર્મનો અને સાંજે અંતિમ કલ્કીનાં મૃત્યુ બાદ અગ્નિ પણ નષ્ટ થઇ જશે.
- છઠ્ઠા આરામાં મનુષ્યની ઉંચાઈ બે હાથની, પાંસળીઓ ૮, પૃષ્ઠ ભાગે હાડકા ૧૨ અને આયુષ્ય વધુમાં વધુ માત્ર ૨૦ વર્ષનું હશે. આરાનાં અંતે ઉંચાઈ ૧ હાથ તે રીતે ક્રમશઃ ઘટતાં આયુષ્ય પણ ૧૫ વર્ષનું હશે. ૬ વર્ષની બાળકી અનેક બાળકોને જન્મ આપશે.

# છઠ્ઠા આરાનો સમય

- આ આરામાં દિવસે અતિશય ગરમી અને રાત્રે અતિશય ઠંડી પડશે. અગ્નિ નથી તેથી દરીયાઈ ખોરાક દિવસે રેતીમાં દાટશે, જે સૂર્યનાં તાપથી રાંધશે અને રાત્રે તે આહાર કરી શકશે.
- છઠ્ઠા આરાનાં કાળમાં નરક અને તિર્યંચ ગતિમાંથી જીવ આવે છે અને દુઃખ ભોગવીને પુનઃ નરક અને તિર્યંચ ગતિમાં જ જન્મે છે.
- કલ્પકાળનો સમય ઉત્સર્પિણીથી શરુ થાય છે અને આખું ચક્ર ફરી અવસર્પિણીનાં છઠ્ઠા આરા સાથે પૂર્ણ થાય છે. છઠો આરો પૂર્ણ થવાના જયારે ૪૯ દિવસ બાકી રહે ત્યારે ભીષણ તોફાન, પ્રલય થાય છે. સાત સાત દિવસ સુધી કુવૃષ્ટિઓ થાય છે અને ભારત ખંડની ચિત્રા પૃથ્વીનો એક યોજન ભૂમિનો નાશ થાય છે.તે સમયે ૭૨ યુગલવિદ્યાધરો દ્વારા ગુફામાં મનુષ્યો અને તિર્યંચોને લઇ જવામાં આવે છે.

# ઉત્સર્પિણી કાળ


- ઉત્સર્પિણી કાળનો પ્રથમ આરો અવસર્પીણીકાલના છઠ્ઠા આરા જેવો જ હોય છે.  પ્રથમ આરા પછી બીજા આરાનાં પ્રારંભમાં ૭ દિવસ વિવિધ રસ ઝરતી સુવૃષ્ટિઓ શરુ થાય છે. ભૂમિ સ્નિગ્ધ અને રસાળ બનતી જાય છે. ગુફામાં ભરાયેલા મનુષ્યો અને તિર્યંચો ધીરે ધીરે બહાર આવે છે અને પુનઃ સૃષ્ટિનું જીવન શરુ થાય છે.   ત્રીજા આરા દુ:ષમ સુષમ માં નવી ચોવીશીની શરૂઆત થાય છે અને આ આરામાં ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બલદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતીવાસુદેવ નો જન્મ થાય છે. ચોથા આરા સુષમ દુ:ષમ માં છેલા તીર્થંકર અને છેલા ચક્રવર્તીનો જન્મ અને કાળક્રમે મોક્ષ થાય છે. છેલ્લા બે આરા ફરી ભોગ ભૂમિ ના ચાલુ થાય છે, કલ્પવૃક્ષો ની પ્રાપ્તિ અને યુગ્લીક કાળ શરુ થાય છે. અગાઉ કોષ્ટકમાં દર્શાવ્યું એ પ્રમાણે છઠ્ઠો આરો સુષમ સુષમ ૪ ક્રોડાક્રોડી સાગર નો હોય છે.

# જૈન બ્રહ્માંડ લોકાકાશ

## બ્રહ્માંડ = ૧૪ રાજલોકરૂપ વિશ્વ

જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ, તિલોય પન્નતિ, તત્વાર્થ સૂત્ર વગેરે ગ્રંથોમાં પરમાત્મા પ્રરૂપિત લોકનું વર્ણન દર્શાવ્યું છે. જૈન યુનિવર્સ (લોકાકાશ)માં છ દ્રવ્યો ઠાંસોઠાંસ ભરેલા છે. જૈન યુનિવર્સનું સ્વરૂપ બધાથી અજાણ નથી. આખો લોક ત્રણ ભાગમાં વહેચાયેલો છે. આપણે મધ્ય લોકમાં રહીએ છીએ, તેથી અહી મધ્યલોકનું પહેલા વર્ણન કરીએ...

# ત્રિલોક આકૃતિ



त्रि लो का कृ ति
ईषत्प्राग्भार
5 अनुत्तर
9 अनुदिश
9 ग्रैवेयक
संकेत
पृथ्वी
आकाश
स्वर्ग
सिद्ध शिला
वातवलय
घनोदधि
घन
तनु
आरण
अच्युत
आनत
प्राणत
शतार
सहस्त्रार
शुक्र
महाशुक्र
लान्तव
कापिष्ठ
ब्रह्म
ब्रह्मोत्तर
सानत्कुमार
माहेन्द्र
सौधर्म
ऐशान
(अ लो का का श)
(अ लो का का श)
(चित्रा पृथ्वी)
मध्यलोक
प्रथम पृथ्वी (रत्न प्रभा)
खर भाग
पंक भाग
अब्बहुल भाग
16000 योजन
84000 योजन
80,000 योजन
द्वितीय पृथ्वी
शर्करा प्रभा
32,000 योजन
तृतीय पृथ्वी
बालुका प्रभा
28,000 योजन
चतुर्थ पृथ्वी
पंक प्रभा
24,000 योजन
पंचम पृथ्वी
धूम प्रभा
20,000 योजन
षष्ठम पृथ्वी
तमः प्रभा
16,000 योजन
सप्तम पृथ्वी
महातमः प्रभा
8,000 योजन
कलकल पृथ्वी (निगोद)
घनोदधि
वातवलय
20,000 योजन

# મધ્ય લોક / તિર્ચ્છાં લોક

જેને તિર્ચ્છાંલોક પણ કહે છે. આ મધ્યલોક અસંખ્યાત યોજન ક્રોડાક્રોડી પ્રમાણ છે, જેમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રો આવેલા છે, અસંખ્યાત વાણ-વ્યંતરોનાં નગરો આવેલા છે, અસંખ્યાત દેવતાઓની રાજધાની આવેલી છે, અસંખ્યાત જ્યોતિષી(સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો)નાં વિમાનો રહેલા છે. આ પ્રમાણે મધ્યલોકમાં મનુષ્યો, તિર્યંચો, જ્યોતિષી દેવો અને વ્યંતર દેવોનો વસવાટ છે.

મધ્યલોકનું પ્રમાણ જોઈએ તો ૧ રજ્જુ પહોળી અને ૧લાખ યોજન ઉંચી લંબગોળ રકાબી સ્વરૂપે છે. તેના કેન્દ્રમાં જંબુદ્વિપ આવેલો છે. આ જંબુદ્વિપની ફરતે લવણસમુદ્ર આવેલો છે, લવણસમુદ્રની ફરતે ધાતકીખંડ દ્વીપ આવેલો છે, તેની ફરતે કાલોદધિ સમુદ્ર અને એની ફરતે પુષ્કરવર દ્વીપ આવેલો છે, આમ એક-પછી એક અસંખ્યાત દ્વીપો-સમુદ્રોની હારમાળા છે. પુષ્કરવર દ્વીપનાં બે ભાગ પડે છે. પુષ્કરવર દ્વીપના અર્ધા ભાગે માનુષોત્તર પર્વતની હારમાળા આવેલી છે. ત્યારપછી મનુષ્યોની વસ્તી નથી.


# અઢીદ્વીપ


पुष्करार्ध द्वीप
पुष्करार्ध द्वीप
कालोदधि समुद्र
धातकी खण्ड
जम्बूद्वीप
1 ला. यो.
मानुषोत्तर पर्वत
8 ला. यो.
8 ला. यो.
4 ला. यो.
2 ला. यो.
2 ला. यो.
4 ला. यो.
8 ला. यो.
8 ला. यो.

# જંબુદ્વીપ, ધાતકીખંડ અને અર્ધ પુષ્કરદ્વીપ = અઢી દ્વીપ

- અઢી દ્વીપમાં જ મનુષ્યોની વસ્તી છે. તેની બહાર મનુષ્યોની વસ્તી નથી.
- દ્વીપ-સમુદ્રોની હારમાળામાં આઠમો દ્વીપ નંદીશ્વર દ્વીપ છે. જ્યાં શાશ્વતા પર
- જિનાલયો આવેલા છે. આ જિનાલયો ઉપર દેવો ઉત્સવ મનાવવા આવે છે, અને ત્યાં આવેલા વન-ઉદ્યાનોમાં રમણ કરવા આવે છે.
- મનુષ્યો અઢીદ્વીપ બહાર દેવની સહાયથી જઈ શકે, પરંતુ જન્મ મૃત્યુ તો અઢીદ્વીપની અંદર જ પામે. આ અઢી દ્વિપમાં કર્મભૂમિ છે જીવ કર્મથી ધર્મથી મોક્ષ ગામી બની શકે છે,
- જંબુદ્વીપનાં કેન્દ્રમાં અવિચલ, સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ એવો મેરુ / સુમેરુ પર્વત આવેલો છે. તે મેરુ પર્વત એક લાખ યોજન ઉંચો છે, ane તેની ઉપરનાં ભાગમાં સુશોભિત પંડકવન અને અનેક નંદનવનોથી યુક્ત ઘણો આનંદદાયક છે. ભારત, ઐરાવત કે મહાવિદેહ કોઈ પણ ક્ષેત્ર માં તીર્થાન્કારનો જન્મ થાય તો જ્યાં ઇન્દ્રો અને દેવો તીર્થંકર પરમાત્માને મેરુ પર્વત પર લઇ જાય છે અને  ત્યા તેમના જન્મ-અભિષેક સાથે મહોત્સવ મનાવે છે.

# જંબુદ્વીપ


Jambhūdvipa
Island of Jambhu fruit
Airavat Kshetra
Vaitadhya Parvata
Airavat Kshetra
Airavat Kshetra
Sikhara Parvata
Hariyanavata Kshetra
Rukami Parvata
Ramyak Kshetra
Nilaavanta Parvatva
32 "Vijayas" in each Mahavidehi
Mahavaidehi Kshetra
Mount Meru
Mahavaidehi Kshetra
32 "Vijayas" in each Mahavidehi
Harivrisha Kshetra
Mahahimavata parvata
Mahapadma
Himavata Kshetra
Himavata Parvata
Padma
Mlecha Khanda
Mlecha Khanda
Vijayardha Parvata
Bharata Kshetra
Bharata Kshetra
Ganga
Lavana Samudra
Salt Sea

# અઢીદ્વીપ

જંબુદ્વિપ માં દક્ષીણે ભરત અને ઉત્તરે ઐરવત છે. વચ્ચે મહાવિદેહ ક્ષેત્ર આવે. ભરત ક્ષેત્રને ગંગા અને સિંધુ નદી તથા વૈતાઢય પર્વત ૬ ખંડમાં વહેંચે છે. ચક્રવર્તી આ ૬એ ખંડને જીતીને ૬ ખંડોનાં સ્વામી બને છે. એવી જ રીતે ઐરવતમાં પણ સીતા અને સીતોદા નદી તથા વૈતાઢય. પર્વત ૬ ખંડમાં વહેંચે છે. મહાવિદેહમાં ૩૨ વિજય હોય છે, જેમાં વચચે દેવકુરું અને ઉત્તરકુરુ એવા ૨ ક્ષેત્ર આવેલા છે. મહાવિદેહ માં ૪ તીર્થંકર હાલ વિરાજમાન છે. આખા જમ્બુદ્વિપને ૬ નદિઓ ૭ ક્ષેત્રમાં વિભાજીત કરે છે, જેમનાં નામ છે –હિમવંત, હરિવર્ષ, રમ્યક, ઐરવત, ભારત, મહાવિદેહ.

| જંબુદ્વિપ | ધાતકીખંડ દ્વીપ | અર્ધ પુષ્કરવર દ્વીપ | = અઢીદ્વીપ ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧ –ભરત | ૨ –ભરત | ૨ –ભરત | = ૫ –ભરત |
| ૧ –ઐરવત | ૨ –ઐરવત | ૨ –ઐરવત | = ૫ – ઐરવત |
| ૧– મહાવિદેહ | ૨ – મહાવિદેહ | ૨ – મહાવિદેહ | = ૫ – મહાવિદેહ |
| ૩ કર્મ ભૂમિ | + ૬ કર્મ ભૂમિ | + ૬ કર્મ ભૂમિ | કુલ =૧૫ કર્મ ભૂમિ |

# અઢીદ્વીપ

જમ્બુદ્વીપની જેમ ધાતકી ખંડ અને અર્ધપુષ્કરવરદ્વીપમાં આવી બંને બાજુ રચના હોય છે. આ ઉપરાંત બીજા છપ્પન આંતરદ્વીપ પણ છે.

મહાવિદેહ ક્ષેત્રમાં અવસર્પિણી  કાળના ચોથા આરા જેવો કાળ હોય છે. દેવકુરૂં, ઉત્તરકુરુ માં  અવ..' નાં પ્રથમ કાળ જેવી ભૂમિ હોય છે. રમ્યકમાં હમેશા અવ.'નાં બીજા કાળ જેવી સ્થિતિ હોય છે. હેમવંત અને હિરણ્યવંત ક્ષેત્રમાં અવ.નાં ચતુર્થ કાળ જેવો કાળ હોય છે. મધ્યલોકના દેવતાઓમાં વ્યંતર, વાણ વ્યંતર, અને જ્યોતિષ દેવતાઓ પણ હોય છે, જેઓ મોટા ભાગે સુમેરુ પર્વતઓ ની ગુફામાં કે જંગલમાં વસે છે. મનુષ્યો મંત્રથી, તપથી, કે ધ્યાનથી આ દેવતાઓને વશ કરી શકે છે. જ્યોતિષ દેવતાઓ સૂર્ય, ચંદ્ર, કે નક્ષત્રનાં સ્વરૂપમાં હોય છે.

# ઉર્ધ્વલોક

તિર્ચ્છાં / મધ્યલોકથી, મેરુ પર્વતથી ઉપર અસંખ્યાત ગણો મોટો એવો ઉર્ધ્વલોક આવેલો છે. જેમ જેમ ઉપરના દેવલોકમાં ઉત્પત્તિ થાય ત્યાં દેવોની નિર્મળતા વધતી જાય છે. જ્યાં –
તેમનો જન્મ ફૂલોની શૈયામાં થાય છે અને સીધા યુવાન હોય છે

- ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાનો આવેલા છે. જેઓ વૈમાનિક દેવો છે.
- નીચેના ૧૨ દેવલોકમાં કલ્પમાં રહે એ કલ્પ્પોપન્ન અને કલ્પની બહાર રહે તે કલ્પાતીત દેવો છે. કલ્પોપન્નમાં સ્વામી સેવકના ભાવ હોય છે. મનુષ્યલોકમાં ક્યાય જવાનું થાય તો આ દેવો જ જાય છે. કલ્પાતીત દેવો માં બધા જ ઇન્દ્ર હોય છે. એ પોતાનું સ્થાન છોડી ને ક્યાય જતા નથી.
- પ્રથમ બે-દેવલોક સુધી જ દેવીઓ હોય છે. તેમજ પાંચમા બ્રહ્મ દેવલોકમાં જગતની સીમાનાં રક્ષક એવા ૯ લોકાંતિક દેવો રહે છે, જેઓ ચાર મુખ્ય દિશાઓ, ચાર ખૂણાઓ અને ક્ષિતિજોનું રક્ષણ કરે છે.
- સહુથી ઉપર જે પાંચ અનુત્તર વિમાનો છે, જેમાં વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થ સિદ્ધિ  નામના દેવલોક છે. ત્યાં  મોક્ષગામી જીવો જ ઉત્પન્ન થાય છે, અને પાંચમું સર્વાર્થસિદ્ધ વિમાન માં માત્ર એકાવતારી જીવો જ ઉત્પન્ન થાય છે, એટલે કે ત્યાંથી ચ્યવન પામી મનુષ્ય લોકમાં જન્મ ધારણ કરે છે, અને સર્વ કર્મોનો ક્ષય કરી મુક્તિને પામે છે.
- તેની ઉપર લોકનાં અગ્ર ભાગે સ્ફટિકમય સિદ્ધશિલા આવેલી છે, જે ૪૫ લાખ યોજન લાંબી-પહોળી છે, અનંતા સિદ્ધ ભગવંતો સર્વ કર્મોનો ક્ષય કરી શાશ્વત આત્મિક સુખને પ્રાપ્ત કરી  અનંતકાળ સિદ્ધક્ષેત્રમાં બિરાજ્યા છે.

# ત્રિલોક આકૃતિ



त्रि लो का कृ ति
ईषत्प्राग्भार
5 अनुत्तर
9 अनुदिश
9 ग्रैवेयक
संकेत
पृथ्वी
आकाश
स्वर्ग
सिद्ध शिला
वातवलय
घनोदधि
घन
तनु
आरण
अच्युत
आनत
प्राणत
शतार
सहस्त्रार
शुक्र
महाशुक्र
लान्तव
कापिष्ठ
ब्रह्म
ब्रह्मोत्तर
सानत्कुमार
माहेन्द्र
सौधर्म
ऐशान
(अ लो का का श)
(अ लो का का श)
(चित्रा पृथ्वी)
मध्यलोक
खर भाग
पंक भाग
प्रथम पृथ्वी (रत्न प्रभा)
16000 योजन
84000 योजन
80,000 योजन
द्वितीय पृथ्वी
32,000 योजन
तृतीय पृथ्वी
28,000 योजन
चतुर्थ पृथ्वी
पंक प्रभा
24,000 योजन
पंचम पृथ्वी
20,000 योजन
षष्ठम पृथ्वी
16,000 योजन
सप्तम पृथ्वी
8,000 योजन

# અધોલોક

| | નરક-પૃથ્વી | નરક-આવાસ |
|---|---|---|
| ૧) | રત્નપ્રભા પૃથ્વી | ૩૦ લાખ નરકાવાસ |
| ૨) | શર્કરાપ્રભા પૃથ્વી | ૨૫ લાખ નરકાવાસ |
| ૩) | વાલુકાપ્રભા પૃથ્વી | ૧૫ લાખ નરકાવાસ |
| ૪) | પંક પ્રભા પૃથ્વી | ૧૦ લાખ નરકાવાસ |
| ૫) | ધૂમપ્રભા પૃથ્વી | ૩ લાખ નારાકાવાસ |
| ૬) | તમઃ પ્રભા પૃથ્વી | ૧ લાખમાં ૫ ઓછા= ૯૯૯૯૫ |
| ૭) | તમઃતમપ્રભા પૃથ્વી | માત્ર ૫ નરકાવાસ |
| | કુલ = ૭ નરક | કુલ = ૮૪ લાખ નરકાવાસ |

- ત્રસ નાડીમાં વચ્ચે મેરુ પર્વતની નીચે / મધ્યલોકથી ૯૦૦ યોજન નીચે અધોલોક એટલે કે ૭ નરક-પૃથ્વી આવેલી છે. જેમાં કુલ ૮૪ લાખ નરકાવાસ આવેલા છે.
- ૭ નરકની નીચે ૧ રાજુ પ્રમાણ નિગોદ નાં જીવો રહેલા છે.
- અસંખ્યાત નારકી જીવો સમ્યક દ્રષ્ટિ છે.
- નરકમાં નારકીનાં દુઃખો ભોગવીને જીવ મનુષ્ય કે તિર્યંચ ગતિને પ્રાપ્ત કરે છે.

# અધોલોક

- નરકનાં જીવોને થતી વેદનામાં શીત, ઉષ્ણ, દાહ, ભૂખ, તરસ વગેરે અનેક પ્રકારની યાતનાઓ સહન કરવી પડે છે. જીવનો જન્મ સીધો કુમ્ભીમાં થાય છે.
- અહી જન્મેલ જીવ ફરી નરકમાં જન્મ લેતો નથી., મનુષ્ય કે તીર્યંચમાં જન્મ લે છે.
- સૌથી ઉપરની રત્નપ્રભા દ્વીપ, સમુદ્ર, ગ્રામ, નગર, , વનસ્પતિ, તીર્યંચ, , મનુષ્ય, દેવ મળી આવે છે, કારણકે એમાંનો થોડો ભાગ મધ્યલોકમાં સંમિલિત છે.
- આ સાતેય નરકભૂમિઓ એક બીજાને અડીને નથી આવેલી, એમની વચ્ચે ઘનોદધી, ઘનવાત, તાનુવાત, અને આકાશ આવેલા છે.
- પેહલી નરકની નીચે દસમાં આંતરાઓમાં ભવનપતિ દેવો અને અસુરકુમાર રહે છે.
- પહેલી 3 ભૂમિના નારકો મનુષ્યજન્મ પ્રાપ્ત કરી તીર્થંકર પદ પ્રાપ્ત કરી શકે છે.
- આ પ્રમાણે લોકરૂપી સમગ્ર વિશ્વનું વર્ણન પ્રાપ્ત થાય છે.

આભાર